આપણું કર્તવ્ય.

તું તારૂં સંભાળ.

Know thyself.

" જયાં લગી આત્મા તત્વ ચિન્યો નહિ,
ત્યાં લગી સાધના સર્વ જુઠી. "

"આત્માજ આત્માનો મિત્ર અને આત્માજ આત્માનો શત્રુ છે."

પ્રસ્તુત વિષયપર કાંઇ પણ લખું તે પૂર્વે "રાજપુત ગ્રંથાવલિ"ના ઉદ્ભવસંબંધે બે બોલ કહેવાની જરૂર જોઉં છું. ખાસ રાજપૂત જ્ઞાતિની સેવા કરવાનો મારો દીર્ઘકાળનો સંકલ્પ હતો અને તે આજે હું પરિપૂર્ણ થયેલો જોઉં છું. એ માટે રાજપુત જ્ઞાતિએ મારો પરિશ્રમ જે ઉત્સાહથી વધાવી લીધો છે તેનેજ હું આભારી છું. જો ઇશ્વરેચ્છા હશે તો રાજપુત જ્ઞાતિ ખાસ પોતાનેજ માટેનું એક વર્તમાન પત્રપણ જોશે. હું મારાથી બનતો સર્વ પ્રયત્ન કરીશ અને યથાશક્ય આત્મભોગ પણ આપીશ. મારી એ આકાંક્ષા પૂર્ણ થવી ન થવી તેનો આધાર ભાવી પર રહેશે. "રાજપુત ગ્રંથાવલિ" ને રાજપુત જ્ઞાતિએ સારૂં ઉત્તેજન આપ્યું છે અને વાંસદાના નામદાર મહારાજા સાહેબ બહાદુરે ખાસ મદદ આપી છે. અને તે માટે હું એ ઉપકારનો સદા ઋણી રહીશ. વાંસદાના નામદાર મહારાજા સાહેબ બહાદુરે પરમ કૃપાવંત થઈ મને પોતાના સ્ટેટમાં આસીસ્ટંટ શિર

સ્વેદારનો ઓદ્ધો આપ્યો હતો, પરંતુ રાજપુત જ્ઞાતિની સેવા કરવામાંજ મારો સર્વ સમય રોકવાને માટે મેં તે ઓદ્ધાનું રાજીનામું આપ્યું છે. એ પરત્વે મને એટલુંજ આશ્વાસન છે કે બાહ્ય અધિકાર અને બાહ્ય આડંબર કરતાં અંતઃકરણની લાગણી પૂર્વક સેવા વૃત્તિ વિશેષ આદરણીય છે. મને યાદ છે કે મારા સ્વર્ગસ્થ મિત્ર રા. ભગુભાઇ ફતેહચંદ કારભારીએ પોતાની જૈન જ્ઞાતિની સેવા કરવાને માટે રૂ. ૩૦૦) ના પગારની સરકારી નોકરીનો અસ્વિકાર કર્યો હતો, જોકે "જૈન" પત્ર ચલાવવામાં તેમને દ્રવ્ય લાભ કરવાની વાત તો દૂર રહી, પરંતુ ઉલટી ખોટ ભોગવવી પડતી હતી. અને હું જ્યારે જ્યારે આ વાતનો વિચાર કરૂં છું ત્યારે ત્યારે મારી અંતર્દૃષ્ટિ સન્મુખ રા. ભગુભાઇનું ચિત્ર ખડું થાય છે અને તેઓ મ
એક ઉત્તમ આત્મત્યાગી પુરુષ તરિકે પ્રતીત થાય છે.

હવે હું પ્રસ્તુત વિષય પરત્વે બોલીશ. આપણું કર્તવ્ય શું છે? એ પ્રશ્નનો જ્યાં સુધી નિર્ણય થાય નહિ ત્યાં સુધી આપણે જગતમાં કાંઇ પણ કરી શકીએ નહિ અને જે કરીએ તે વૃથા જાય. એમતો પ્રકૃતિનાં કાર્યો સ્વયંભૂ થયાં જાય છે. આપણે હાથ પગ ન હલાવીએ તોયે પ્રકૃતિતો પ્રકૃતિનું કાર્ય કરીજ જાય છે. પરંતુ પ્રકૃતિને વશ ન થતાં આપણે આપણી પોતાની જાતને માટે કર્તવ્ય માર્ગ કાઢવો એજ આપણા જીવનનો ઉદ્દેશ છે અને એ ઉદ્દેશ સાધ્ય કરવામાંજ પુરુષાર્થ છે. જો આપણે એકલાજ આ સૃષ્ટિમાં અવતર્યા હોત, અથવા મનુષ્ય સંખ્યા જગતમાં ઘણીજ થોડી હોત તો આ લેખની કાંઇ જરૂરજ નહોતી. પરંતુ આપણે દાટ આમજ માણસોથી ભરેલી પૃથ્વીમાં જન્મ્યા છીએ અને આપણે પ્રત્યક્ષ વા-પરોક્ષ રીતે તે સર્વની સાથે સંબંધ ધરાવીએ છીએ. એટલા માટે

આ પ્રચંડ જનસમુહ પ્રત્યે આપણું શું કર્તવ્ય છે એનો જો નિશ્ચય ન કરીએ તો સમુદ્ર જેમ કચરાને બહાર ફેંકી દે છે તેમ જનસમુહ આપણને નિરૂપયોગી સમજીને ફેંકી દેશે. હું માત્ર Struggle for existence (જીવન સંગ્રામ) જેવો સ્થૂલ વિષય ચર્ચું છું, આકાશના તારા અને સ્વર્ગનાં સુખો, આત્મા અને પરમાત્માનો સંબંધ, એવા અદ્ભુત, અલૌકિક, સૂક્ષ્મ તથા જીવતાં જીવત સ્વર્ગનું સુખ આપનારા વિષયની ચર્ચા કરતો નથી, એવો મારા પર દોષારોપ આવે, તો તે સહન કરવાને હું કટિબદ્ધ છું. પરંતુ મારી આસપાસનાં માણસોની તાત્કાલિક જરૂરીઆતો પ્રત્યે હું અંધ બની શકતો નથી. એક કાળ એવો હતો કે જ્યારે ભારતવર્ષ જગતના ઇતર દેશોની સાથે ઝાઝો સંબંધ ધરાવતો નહોતો; જ્યારે તે આત્મસંતુષ્ટ અને આત્મપોષી હતો; જ્યારે તે પુષ્કળ અન્ન પેદા કરી પોતાના ગર્ભમાંજ રાખી મુકતો હતો. તે સમયમાં જીવન ટકાવવાને માટે ઝાઝો ઉદ્યોગ કરવાની જરૂર નહિ હોવાથી ધર્મ અને તત્વજ્ઞાનનાં ગૂઢ રહસ્યો અને સૂક્ષ્મ વિષયો પર ચર્ચા કરવાને પુરતો અવકાશ મળતો હતો. તે સમયમાં જગતને નીચે મુકી સ્વર્ગારોહણ કરી કલ્પનાના ઘોડા દોડાવી કાલ્પનિક સૃષ્ટિમાં વિહાર કરવાનું પરવડતું હતું પરંતુ આજે તે સમય નથી. આજે તો જે જગતનો બોજો ઉઠાવે તેની જગતને જરૂર છે. આજે તો જે ઘી સાકરનો બનેલો એક શેરના પાકા તોલનો લાડુ આપે તેની જગતને જરૂર છે; આંખ મીંચાવી "બચ્ચા, મનમેંકી લડુ ખા લો" એમ કહી કાલ્પનિક લાડુ આપનારની જગતને જરૂર નથી. જે દેશમાં ધન ધાન્યની વિપૂલતા હોય છે તેજ દેશમાં સૂક્ષ્મ વિષયોની ચર્ચા સંભવી શકે છે. દરિદ્રી દેશના ભિખારી લોકોમાં તેની ચર્ચા

કય નથી. આજે પાશ્ચાત્યો ભૌતિક શાસ્ત્રોમાં અતિ ઉંડા તર્યાં તેનું કારણ તેમની શ્રીમંતાઇ છે. પરંતુ આપણી રંકતા આપણને તેમાં વિશેષ ઉંડા ઉતરતા અટકાવે છે. બહુ બહુ તો આપણા દેશમાં હાલની પરિસ્થિતિમાં દત્ત કે ગોખલે જેવા સર્વશાસ્ત્ર જિજ્ઞાસુ ઉત્પન્ન થઇ શકે પરંતુ એડિસન કે ન્યુટન જેવા એકશાસ્ત્ર પારંગત વિદ્વાનો ઉત્પન્ન થઇ શકે નહિ. માટે દેશ, કાળ, પરિસ્થિતિ જોતાં મને એમજ લાગે છે કે હાલમાં આપણને ભૌતિક વિષયોની ચર્ચા કરવાની જેટલી જરૂર છે, તેટલી આધ્યાત્મિક વિષયોની ચર્ચા કરવાની જરૂર નથી. અને આપણો ક્ષત્રિયોનો ધર્મ તો ભૌતિક પ્રગતિ કરવાનોજ છે. આપણે આપણો આધ્યાત્મિક વિભાગ બ્રાહ્મણોને સોંપી દીધો છે, માટે તે પ્રત્યે ફાજલ ધ્યાન આપવાની જરૂર નથી.

તો હવે આપણું કર્તવ્ય શું ? આપણે એક પણ દિવસ આ પ્રશ્ન વિષે વિચાર કરીએ છીએ ? આપણે કોણ હતા ? અને હાલ આપણી શી સ્થિતિ છે ? અને એ સ્થિતિમાંથી મુક્ત થવાની જરૂર છે કે કેમ ! અને જરૂર હોય તો તેનાં સાધનો શાં છે ? એવા વિચારો કદિ પણ આપણા મનમાં ઘોળાય છે ! અને જો તે ઘોળાતા હોય તો તે કેટલી વાર સુધી ટકે છે ? શું આપણે એ વિચારોને આપણા મનમાં ચિર સ્થાન આપી ઉન્નતિ પ્રાપ્ત કરવાનો નિરંતર પ્રયત્ન કરીએ છીએ ? નહિ. અને જ્યાં સુધી આપણે આપણી ઉન્નતિને માટે વિચાર અને પ્રયાસ કરીશું નહિ ત્યાં સુધી તે કદિ પણ પ્રાપ્ત થવાની નથી. કોઈ પણ વસ્તુ ઉદ્યોગ વિના પ્રાપ્ત થતી નથી. અને ઉદ્યોગ વિના પ્રાપ્ત થયેલી વસ્તુનું કાંઇ મૂલ્ય પણ નથી. હું આ જે કાગળ અને શાહી બગાડું છું, હું આ જે સમય મારા જ્ઞાતિ બંધુઓને શુભ, ઉન્નતિ દાયક વિચારો પ્રેરવામાં રોકું

શું, તેથી લાભશો, તેનું ફળ શું, એવા પ્રશ્નો મારા ઘણા મિત્રો મને પૂછે છે, અને મને (તેમના સમજવા પ્રમાણે) મિથ્યા કાળક્ષેપ કરતાં રોકવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તે સર્વને મારો એકજ ઉત્તર છે. મને યોગ્ય લાગે તે કર્યા કરવું એજ મારા અધિકારની વાત છે, ફળ મળવું ન મળવું એ મારા અધિકારની વાત નથી. कर्मण्ये वाऽधिकारस्ते माफलेषु कदाचन. ” જો આપણે આપણી જ્ઞાતિની ઉન્નતિ કરવી હોય તો તે માટે સતત અને દીર્ઘ કાળ સુધી પ્રયત્ન કરવાની જરૂર છે. જેમ ઉદ્દેશ મોટો તેમ ઉદ્યોગ પણ વિશેષ કરવો જોઇએ અને દીર્ઘકાળ સુધી ધૈર્ય પણ રાખવું જોઇએ. સાધારણ કામો અલ્પ સમયમાં અને સહજ ઉદ્યોગથી સાધ્ય થાય છે, પરંતુ મોટાં કામો દીર્ઘકાળે અને ભીષણ ઉદ્યોગથી સિદ્ધ થાય છે. Rome was not built in a day. જ્યાં સુધી આપણામાં અસાધારણ ઉદ્યોગ, અલૌકિક સામર્થ્ય, અદ્ભુત શૌર્ય, લોકોત્તર સાહસ અને અનન્ય પ્રેમ ભાવના આવશે નહિ ત્યાં સુધી આપણે કદિ પણ આપણા સમાજની ઉન્નતિ સાધી શકીશું નહિ. જ્યારે જ્યારે કોઈ પણ જનસમૂહની ઉન્નતિ થઇ છે ત્યારે ત્યારે ઉક્ત ગુણો અસાધારણ પ્રમાણમાં વ્યક્ત થયા છે, એમ ઇતિહાસ સાક્ષી પુરે છે. આપણા પોતાના ઉજ્જવલ કાળનો દાખલો લો, મરાઠાઓના ઉદયકાળનું દ્રષ્ટાંત લો કે શીખોના ઉન્નતિકાળનું ઉદાહરણ લો, આપણને આજ સત્યનું સૂચન થાય છે. જ્યાં સુધી આપણે અલૌકિક પ્રેમની ગ્રંથિથી એક બીજા સાથે બંધાઇશું નહિ ત્યાં સુધી આપણે કદિ પણ ઉન્નત દશા જોઇ શકીશું નહિ.

પ્રતાપસિંહે મેવાડની સ્વતંત્રતા પ્રાપ્ત કરવાને માટે પચીસ વર્ષ સુધી રાજ્યગાદીનો ત્યાગ કરી જંગલમાં વાસો કર્યો, દુર્ગાદાસે

મારવાડનું રાજ્ય મુસલમાનોના હાથમાંથી છોડવી અજીતસિંહને અપાવવાને માટે અનેક વર્ષો સુધી અનેક પ્રકારનાં કષ્ટો વેઠી યુદ્ધ કર્યું, શિવાજીએ હિંદુસામ્રાજ્ય સ્થાપિત કરવાને માટે આમરણ ઉદ્યોગ કર્યો, તો શું આપણે રાજપુતોને માટે બોર્ડિંગો, શાળાઓ અને પાઠશાળાઓ સ્થાપિત કરવા જેવાં અલ્પ કાર્યો સિદ્ધ કરવાને માત્ર થોડાં વર્ષ પણ પ્રયાસ નહિ કરીશું ? અને ક્ષુદ્ર આત્મભોગ પણ નહિ આપીશું? શું આપણે તેજ મહાપુરૂષોના વંશજો નથી? શું આપણે તેમની મેળવેલી ભૂમી હજી પણ ભોગવતા નથી ! શું આપણે તેમનાં પુણ્યના પ્રભાવથી આજે રોટલો ખાતા નથી ?

આજે આપણે કેવી પતિત દશાને પ્રાપ્ત થયા છીએ તેનો ખ્યાલજ માત્ર કરતાં શરીર કંપી ઉઠે છે. હાલમાં ભારતવર્ષના સર્વ લોકો "સ્વરાજ"ની માગણી કરે છે એ જાણીતી વાત છે. પરંતુ તેમની આ ન્યાય્ય માગણી ફળીભૂત ન થવા દેવાના ઉદ્દેશથી કેટલાક અંગ્રેજો એમ જણાવે છે કે "હિંદુસ્થાનની સર્વ જ્ઞાતિઓ 'સ્વરાજ' ને માટે લાયક નથી. કારણકે તેમણે કદિ પણ 'સ્વરાજ' ભોગવ્યું કે ચલાવ્યું નથી. માત્ર રાજપુતોજ પ્રાચીન કાળથી હિંદુસ્થાનનાં રાજ્ય ચલાવતા આવ્યા છે." અને એ ઉપરથી "કેસરી" પત્રે લખ્યું હતું કે "ત્યારે રાજપુતોને તો સ્વરાજ આપો" પરંતુ વસ્તુ સ્થિતિ તપાસતાં આપણને પ્રતીત થાય છે કે અંગ્રેજો રાજપુતોની ગમે તેટલી પ્રશંસા કરેતો પણ હાલના રાજપુતો એ પ્રશંસાને લેશ પણ પાત્ર નથી. પૂર્વેના રાજપુતો સર્વ રાજસત્તા પોતાના હાથમાંજ રાખતા હતા, સર્વ મોટા હોદ્દાઓ તેમની પાસેજ હતા. એ વાત સત્ય છે, પરંતુ હાલની વસ્તુ સ્થિતિ તેથી સર્વથા વિપરીતજ છે. હાલમાં કોઇ પણ રાજપુત એવો મહત્વનો હોદ્દો ધરાવતો

નથી કે જે માટે રાજપુત જ્ઞાતિ અભિમાન લઈ શકે. અમે કબુલ કરીએ છીએ કે હિંદુસ્થાનમાં રાજપુત સંસ્થાનો ઘણાં છે. પરંતુ એ સર્વ આપણા પૂર્વજોના પ્રતાપ છે. આપણે આપણા પોતાના પુરૂષાર્થથી કાંઇ પણ પ્રાપ્ત કર્યું નથી. ઉલટ પક્ષે આપણે આપણો પ્રભાવ ગુમાવતાજ આવ્યા છીએ અને ગુમાવતાજ જઇએ છીએ. પૃથ્વીરાજના સમયથી આપણી અધોગતિ થવા માંડી છે અને ત્યાર પછી આપણે કદિ પણ ઉન્નતિ પથ પર ચઢ્યા નથી. ત્યારથી આપણે ગુમાવતાજ ગયા છીએ. માંહોમાંહેની તકરારને લીધે કનોજ, ગુજરાત વગેરે દેશના રાજા મહારાજાઓએ પૃથ્વીરાજને સાહાય્ય કરી નહિ, તેથી શાહાબુદ્દીન ઘોરીનો વિજય થયો અને રાજપુત સામ્રાજ્યનો અન્ત થયો. ત્યારથી રાજપુતોની અવદશાનો આરંભ થાય છે. "સંપ ત્યાં જંપ" એ સૂત્રનો રાજપુતોએ પરિત્યાગ કર્યો અને યવનોની ગુલામી સ્વિકારી. ક્ષુદ્ર વિચારના માણસો હમ્મેશાં સમગ્ર સમાજના હિતનો વિચાર કરતા નથી, પરંતુ પોતાના ક્ષુલ્લક સ્વાર્થનોજ વિચાર કરે છે. અને આ દુર્ગુણ દેશને ભારે નુકશાન કરે છે; હમણાં ચીનમાં ક્રાંતિ થઈ ત્યારે ઘણા માણસો સ્વદેશહિતનો ઝુંડો લઇને બહાર પડ્યા હતા, પરંતુ તેમાંથી કેટલાક એવા પણ નીકળ્યા હતા કે જે સ્વદેશને નામે ફંડ ઉઘરાવી પોતે હજમ કરી ગયા હતા. પરંતુ તેમના આ સ્વદેશદ્રોહને માટે તેમને ભીષણ શિક્ષા સહન કરવી પડી હતી. પૃથ્વીરાજનું પતન થયા પછી રાજપુતોએ પણ કાંઇક આવોજ ભાગ ભજવ્યો હતો. "સબ સબકી સંભાલીઓ, મેં મેરી ફોડતાહું" એ સૂત્ર ગ્રહણ કરી રાજપુત સજાઓ પોતપોતાનાં નાનાં નાનાં સંસ્થાનો સંભાળવા લાગ્યા અને ભારતનું સામ્રાજ્ય તેમણે મુસલમાનોને સોંપી દીધું. પરંતુ તે માટે તેમને શિક્ષા પણ

પ્રચંડ સહન કરવી પડી. ભારામાંથી છૂટી પડેલી લાકડી જેમ તૂટી જાય છે તેમ છુટાં પડેલાં રાજપુત રાજ્યો ધુળમાં રગદોળાઇ ગયાં. ઘણા રાજાઓ પોતાનાં નાનાં સંસ્થાનો પણ ગુમાવી બેઠા અને પોતાનાં સંતાનોને રાજદંડને બદલે હળનો દાંડો સોંપતા ગયા અને ઘણા રાજાઓ મુસલમાન પાદશાહોના માંડલિક બની આજીવિકા ટકાવી રહ્યા. હાલના અમારા ગુજરાત કાઠિયાવાડના નાના નાના રાજાઓ કે જેમના કરતાં યુરોપ અમેરિકાના વણિકો, વિશેષ ઉપજ ધરાવે છે તેઓ જાણીને આશ્ચર્ય પામશે કે એક વખતે આખો ગુજરાત દેશ રાજપુત સમ્રાટના અધિકારમાં હતો, કિંબહુના ગુર્જરેશ્વરનું સામ્રાજ્ય વરાડ, મધ્ય હિંદુસ્થાન વગેરે ભાગોમાં પણ ફેલાયેલું હતું. પરંતુ અલ્લાઉદ્દીન ખૂનીએ એ રાજપુત રાજ્યનો કેવી રીતે ધ્વંસ કર્યો તે આપણે સારી રીતે જાણીએ છીએ. અને એ મહારાજ્ય પડતાં નાનાં સંસ્થાનોની પણ તેજ દશા થઇ. સુધરેલા. સંપી અને બળવાન યુરોપિયનો અમેરિકામાં જતાં ત્યાંના જંગલી ઇન્ડિયન સરદારોની શી દશા થઇ તેનો જો ઇતિહાસ લખવામાં આવે તો તે રસિક વાંચન થઇ પડે એમ છે. અને અમારા ઠાકોરોની પણ એવીજ દશા થઇ. રાજપુત માંડલિકો અને સાંસ્થાનિકો લૂટારાથી કાંઇ વિશેષ નહોતા. રાજતંત્ર કેવી વસ્તુ છે, એ તેઓ જાણતા નહોતા. માત્ર રંક પ્રજાને લૂટીને પોતાના ભંડાર ભરવા અને દારૂ, અફીણ તથા રંડીબાજીમાં તે દ્રવ્યનો ઉપયોગ કરવો એ શિવાય વિશેષ કર્તવ્ય તેઓ સમજતા નહોતા. અને તેનું પરિણામ જેવું આવવું જોઇતું હતું તેવુંજ આવ્યું. તેમાંના કેટલાક મુસલમાનોના માંડલિક બન્યા અને કેટલાક પોતાનું સર્વસ્વ ગુમાવી બેઠા. ગુજરાતમાં મુસલમાનોની સર્વોપરિ સત્તા સ્થાપિત થઇ અને જો કે કાળે કરીને

તેમની તે સત્તાનો નાશ થયો, તોપણ પાલનપુર, રાધનપુર, જુનાગઢ વગેરે સંસ્થાનો આજે રાજપુતોના નુકસાનનાં પ્રત્યક્ષ પ્રમાણ આપી રહ્યાં છે. આ ભૌતિક નુકસાનથી જે નૈતિક નુકસાન થયું તેની તો ગણના પણ થઇ શકે એમ નથી. કારણ કે પ્રકૃતિનો એક નિયમ છે કે એક હાની ઇતર હાનિઓને પોતાની સાથે ખેંચી લાવે છે અને એક લાભ અન્ય લાભોને ઉપજાવે છે. ઇતિહાસ પ્રમાણ આપે છે કે અરબસ્તાનના શુષ્ક અરણ્યમાં ઉત્પન્ન થયેલા જંગલી, બુભુક્ષિત, સાધનરહિત મુસલમાનો ભારતવર્ષમાં આવી મહાલયો અને ગાડી ઘોડા વાપરતા થયા અને સર્વ પ્રકારની સંપત્તિ તેમની આગળ હાથ જોડીને ઉભી રહી. આ સર્વ લાભો તેમને રાજસત્તાથી મળ્યા. પ્રકૃતિની સામે યુદ્ધ કરીને કંટાળેલા યુરોપિયનો એશિયા, આફ્રિકા અને અમેરિકામાં રાજસત્તા મેળવી સર્વ પ્રકારનાં ઐહિક અને નૈતિક સુખો ભોગવવા લાગ્યા. એક પ્રકારનો લાભ થવાથી ઇતર લાભો કેવી રીતે પ્રાપ્ત થાય છે તેનાં આ પ્રત્યક્ષ પ્રમાણો છે. રાજનીતિજ્ઞો પ્રજાને રાજકીય હકકો અપાવવાને જે પ્રયત્ન કરે છે તેમાં એક ઉંડું રહસ્ય સમાયેલું હોય છે. તેઓ સારી પેઠે જાણે છે કે પ્રજાને રાજકીય હકકો પ્રાપ્ત થવાથી તેમના ઐહિક સુખમાં વૃદ્ધિ થશે, એટલુંજ નહિ પરંતુ તેમની નીતિ પણ સુધરશે. ચોરો અને બદમાસોને પણ મોટી સંપત્તિ મળવાથી તેઓ નીતિમાન અને આબરૂદાર નાગરિક બની જાય છે, એ ઘણાના અનુભવની વાત છે. દાદાભાઇ નવરોજજી પણ એમજ કહે છે કે અમારા સ્વદેશ બંધુઓને રાજદ્વારી હકકો મળવાથી અમારા લોકોની નિતીમાં ઘણો સુધારો થશે. ઉચ્ચ પદે સંપત્તિ ગુમાવી બેઠેલા સદ્‌ગુણી આદમીઓ પણ દુર્ગુણી બની જાય છે. રાજ્ય ગુમાવી બેઠેલા રાજાઓ

શુભમા અને એક સાધારણ ખેડુતના ગુણુમાં આપણે કોઇ પણ તફાવત જોતા નથી તેનું કારણ આજ છે. સત્તા ભોગવનાર અને માત્ર કરભરનાર એ ઉભય વર્ગની સ્વચ્છતા, ગંભીરતા અને મહત્તામાં આપણે જે ભેદ જોઇએ છીએ તેનું કારણ એ છે કે અધિકારી વર્ગ શ્રીમંત હોય છે અને પ્રજા રંક હોય છે. પ્રજાજનોને સ્વચ્છ રહેવું ગમે તેટલું ઇષ્ટ લાગે તો પણ તે તેમને પરવડતું નથી. ગંભીરતા અને મહત્તા ધારણ કરવી તેમને ભોજતી નથી. આથીજ તે બિચારા મેલા ઘેલા મુર્ખ અને હલકા રહે છે. રાજનીતિથી ચ્યુત થયેલા રાજપુતો विवेक भ्रष्टानां भवतिविनिपातः शतमुख એ સુત્રાનુસાર અનેક રીતે પતિત થયા. તેમનું નૂર ઉતરી ગયું અને મુસલમાનો સર્વોપરિ થયા. તેમનાં ધન ધાન્ય ભુમી વગેરે મુસલમાનોના હાથમાં ગયાં, એટલુંજ નહિ, પરંતુ તેઓ ધર્મ અને નીતિથી પણ ચ્યુત થયા. અને સત્તાહીન થવાનું ખરાબમાં ખરાબ પરિણામ ધાર્મિક અને નૈતિક ભ્રષ્ટતા છે. લાખો રાજપુતો હિંદુ મટીને મુસલમાન થયા. * અને તેઓ પોતાની કન્યા મુસલમાનોને આપવા લાગ્યા. આ ધાર્મિક અને નૈતિક ભ્રષ્ટતાની પરાકાષ્ઠા નહિ તો બીજું શું? મુસલમાનોનો કાળ ગયા પછી મરાઠાઓનો અને ત્યાર પછી બ્રિટિશ સત્તાનો કાળ આવ્યો. મુસલમાનો પ્રથમતો ફાવ્યા ખરા પરંતુ પાછળથી રાજપુતોએ તેમને ઘણે અંશે નરમ પાડી દીધા હતા એ તેમને ખરેખર ધન્યવાદ લેવા જેવી વાત છે. જો કે મરાઠા અને શીખોએ મુસલમાની સત્તા તોડવા માટે જે ભીષણ

---

* ગુજરાતમાં મહમદ બેગડાના વટાળેલા જે મોલેસલામ ગરાસીઆ છે તેમના સંબંધમાં એક સ્વતંત્ર લેખ લખવામાં આવશે.

પ્રયત્ન કર્યો તેવો પ્રયત્ન રાજપુતોએ કદિ પણ કર્યો નથી તો પણ તેઓ છેક મુગા બેસી રહ્યા નથી. રાજપુતોએ જ્યારે પોતાની ગયેલી સત્તા પુનઃ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કર્યો છે ત્યારે મરાઠાઓ અને શીખોએ નવી સત્તા પ્રાપ્ત કરવાનો ઉદ્યોગ કર્યો છે. રાજપુતોમાં આથેડ વયનું બળ હતું, ત્યારે મરાઠાઓ ને શીખોમાં ખીલતા યૌવનનું બળ હતું. અને આ યૌવનના બળે મુસલમાની સત્તાને છિન્ન ભિન્ન કરી નાંખી હિંદુનું ગૌરવ સાચવ્યું. પરંતુ રાજપુતો શિથિલ થયા. તેમને પોતાની શિથિલતાને લીધે મરાઠાઓની તરફથી પણ સહન કરવું પડ્યું અને કર્નલટોડ પોતાના રાજસ્થાનના ઇતિહાસમાં એ માટે અત્યંત શોક કરે છે. મરાઠાઓ ભગવો ઝુંડો ફરકાવતા આગળ અને ગુજરાત ખુંદી વળ્યા અને રાજસ્થાનના રાજપુતોને પણ તેમણે કાંઇ થોડા પજવ્યા નહિ. રાજપુતોની શિથિલતા અને પ્રમાદને લીધે મરાઠાઓ ગુજરાતમાં રાજસત્તા ભોગવવા લાગ્યા અને ગુજરાતની લક્ષ્મી લુટવા લાગ્યા. હવે બ્રિટિશ સત્તાના સમયમાં રાજપુતોની શી સ્થિતિ છે તે આપણે જોઇશું. બ્રિટિશ રાજ્યનો સમય શાંતિનો સમય કહેવાય છે. ઉન્નતિને માટે સાધનો સંચિત કરવાને માટે એ સમય અતિ અનુકુળ છે. પરંતુ એ અનુકુળતાનો આપણે લાભ લીધો નથી. બ્રિટિશ સરકાર રાજપુતોને રાજકર્તા કોમ કહીને તેની પીઠ થાબડે છે પરંતુ રાજપુતો ગહ્વાવેતરૂં કરવાનુંજ પસંદ કરે છે. તેઓ સરકારને રાજકારોબાર ચલાવવામાં મદદગાર થતા નથી. મુસલમાનોની Backward classes પાછળ પડેલા વર્ગોમાં ગણના થતી હતી પરંતુ મુસલમાનો હવે જાગૃત થયા છે. પરંતુ હજી રાજપુતો જાગ્યા નથી. રાજા મહારાજાઓ પોતાના બાપદાદાની મેળવેલી મીલ્કત એદીની પેઠે ભોગવે છે અને રંક રાજપુતો સાધન રહિત હોવાથી કપાળે હાથ દઇ બેસી રહે છે. ઉચ્ચ વર્ગમાં લાગણી નથી અને રંક વર્ગમાં ઉત્સાહ નથી. રાજા મહારાજાઓને કુંભકરણની નિંદ્રામાંથી જગાડવાને માટે રંક પણ શુરા રાજપુતો

જો બહાર પડે તો હું નથી ધારતો કે ઉન્નતિનો સમય બહુ દુર હોય. રંક વર્ગની સાહાય્યથીજ રાજા મહારાજાઓને રાજ્ય પ્રાપ્ત થયાં છે એ વાત તેઓ ભુલી ગયેલા જણાય છે, પરંતુ હવે ફોનોગ્રાફના ભુગળાથી એ વાત તેમને જણાવવી આવશ્યક છે. મુસલમાનો આપણા કરતાં કેટલા આગળ વધી ગયા છે તે અત્રે આપણે જોઇશું. મુસલમાનોમાં આજથી ત્રીસ ચાલીશ વર્ષ પૂર્વે સર સૈયદ એહમદે ભારે જાગૃતિ ફેલાવી દીધી હતી અને તેમનાજ પ્રયાસથી અલીગઢ કોલેજની સ્થાપના થઇ છે. આ કોલેજનો લાભ લઇ હજારો મુસલમાનો સુશિક્ષિત થઇ બહાર પડયા છે અને તેમણે પોતાની કોમને ઉજ્જવલ કીર્તિ અપાવી છે. પાછળ ગણાતા મુસલમાનોમાં જસ્ટીસ બદ્રુદીન તૈયબજી, સર અલી ઇમામ, જસ્ટીસ અમીરઅલી, મી. બેગ તથા મી. બેલ્યામી જેવા વિદ્વાનો પાકયા છે. તેમણે મુસ્લીમ લીગ જેવું કોંગ્રેસની બરોબરી કરી શકે એવું મંડળ સ્થાપન કર્યું છે અને તે દ્વારા તેઓ સરકારની પાસે રાજદ્વારી હકકો માગ્યા જાય છે. આ ઉપરથી સમજી શકાશે કે મુસલમાનોએ કેટલી પ્રગતિ કરી છે. પરંતુ તેને સ્થાને રાજપુતોએ શું કર્યું છે? આ શાંતિનો સમય હોવાથી પ્રતાપસિંહ, શિવાજી, દુર્ગાદાસ રાજસિંહ કે માનસિંહ જેવા યોદ્ધા રાજપુત કોમે સ્વાભાવિક રીતેજ ઉત્પન્ન કર્યા નથી. પરંતુ ઇતર દિશામાં તેમણે પોતાની શકિત શા માટે દર્શાવી નથી તે અમે સમજી શકતા નથી. રાજપુતોનો ધંધો મારકાપ કરવાનોજ છે એ સુત્ર અમે સ્વિકારતા નથી. પરંતુ રાજ્યશાસ્ત્ર (Politics) જાણવું એ તેમનો ધંધો અવશ્ય છે. તેઓ રાજપુત્ર હોવાથી રાજ્યકારભાર ચલાવવો એજ તેમનો ધર્મ છે. જે કાર્ય દાદાભાઇ, ગોખલે, સુરેન્દ્રનાથ કે ફીરોજશાહે કર્યું તે કાર્ય રાજપુતો શા માટે ન

કરી શકે? ઇતિહાસ અને રાજશાસ્ત્ર એ રાજપુતોના અભ્યાસના વિષય છે પરંતુ તેને બદલે દારૂ અને અફીણનેજ તેઓ પોતાના અભ્યાસના વિષય માનતા લાગે છે. હું જ્યારે વિદ્યાર્થી અવસ્થામાં હતો ત્યારે મને રંકાવસ્થાને લીધે સ્કૉલરશીપની આવશ્યકતા હતી. એક પારસી ગૃહસ્થનો અભિપ્રાય લેતાં તેણે જણાવ્યું કે "રજપુતો પાછળ પડેલી કોમો (Backward classes) માં ગણાય છે, માટે સરકાર તમને મહેરબાની તરીકે સ્કોલરશીપ આપશે." આ વખતે "પાછળ પડેલી કોમ" એ શબ્દો મને અત્યંત કટુ લાગ્યા હતા; અને અત્યારે પણ મને લાગે છે કે પાછળ પડેલી કોમમાં ગણાવા કરતાં મરવું હજાર દરજ્જે સારૂં છે. અને રાજપુતો પાછળ પડેલા ગણાય એમાં કાંઇ નવાઇ નથી. જે રાજપુતો અધિકાર ભોગવતા હતા તેઓ આજે હળનો દાંડો પકડે છે. બ્રિટિશ સરકારે કેળવણીની જે કાંઇ સગવડ આપી છે તેનો રાજપુતો લેશ પણ લાભ લેતા નથી, તેમનામાંથી કોઇ સર સૈયદ એહમદ જેવો પરોપકારી વીર પુરુષ નિવડયો નથી. તેમનામાંથી કોઇ દાદાભાઇ કે ગોખલે થયો નથી. તો પછી તેઓ પાછળ પડેલા ગણાય તેમાં આશ્ચર્ય શું? આજે ત્રીસ વર્ષ થયાં કોંગ્રેસ ભરાય છે, પરંતુ એક પણ રાજપુત તેનો પ્રમુખ થવાને ભાગ્યશાળી થયો નથી. રાજપુતોમાંથી કોઇ સિવિલિયન થયો હોય એ વિષે મને શંકાજ છે. અને જો કોઇ ખુણે ખોંચરે પડયો હોય તો તેની તુલના દત્ત, ગુપ્ત કે બેનરજીની સાથે થઇ શકે એમ નથી આવી અધમ દશામાંથી રાજપુત જ્ઞાતિનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરવો એ આપણું પરમ કર્તવ્ય છે અને એ ઉદ્દેશ સાધ્ય થાય ત્યાં સુધી સતત પ્રયત્ન જારી રાખવો એ આપણો મહાન ધર્મ છે.

રાજપુતોની ઉન્નતિના ઉપાય.

સર્વની ઉન્નતિના કારણરૂપ રાજપુત્રો (Princes) ને તેમની પોતાની ઉન્નતિના ઉપાયો બતાવવાની જરૂર પડે એ પણ કાળનોજ મહિમા છે. કાળનો મહિમા ન હોય તો આવું વિપરીત પરિણામ શા માટે આવે ? નેવનાં પાણી મોભે ગયેલાં તમે કદિ જોયાં છે ? ઉલટી ગંગા વહેલી તમે કદિ જાણી છે ? જો નહિ જાણી હોયતો જોઇ લ્યો આજે રાજપુતોની સ્થિતિ ? તેમાં તમને સર્વ વિપરીતતાજ જણાશે. જેઓ સર્વની ઉન્નતિના કારણ રૂપ છે તેઓ આજે પોતે અવનત દશામાં છે. તો પછી તેમને ઉન્નતિના ઉપાય દર્શાવવા પડે એમાં નવાઇ જ શું ? આજે દાતારશિરોમણિ કર્ણ સ્વયં ભિક્ષુક બની ગયો છે. આજે સિંહ શિયાળનું શરણ-માગે છે, આજે રાજા ગુલામની સહાય માગે છે. તો આવી દશામાં રસ્તે ચાલતો ભિખારી પણ તેની મશ્કરી કરે તો તેમાં શું આશ્ચર્ય ?

સર્વ સમાજનો આધાર મુખ્યત્વે કરીને રાજા (Kings) અને ધર્માધિકારીઓ (Churches) ઉપર રહેલો છે. અન્ય શબ્દોમાં કહીએ તો ક્ષત્રિયો અને બ્રાહ્મણો ઉપરજ સમાજનો આધાર છે. જે સમાજનાં આ બે અંગો રોગગ્રસ્ત હોય છે તે સમાજ કદિ પણ સ્વાસ્થ્યનો ઉપભોગ લઇ શકતો નથી. આપણા શાસ્ત્રમાં બ્રાહ્મણોને બ્રહ્માના મુખમાંથી અને ક્ષત્રિયોને તેમના બાહુમાંથી ઉત્પન્ન થએલા જણાવ્યા છે. અર્થાત બ્રાહ્મણોએ મુખદ્વારા લોકોને ઉન્નતિના માર્ગો બતાવવા જોઇએ અને ક્ષત્રિયોએ સમાજના નેતા-બની તે માર્ગે તેને દોરી લઇ જવો જોઇએ અને બાહુદ્વારા તેનું રક્ષણ કરવું જોઇએ. ક્ષત્રિયો વિનાનો સમાજ લુલો પાંગળો છે. ક્ષત્રિયો એ નાનાં નાનાં ચક્રોને અંકુશમાં રાખનાર મોટું ચક્ર છે.

આપણે કોઈ મીલમાં જઈએ ત્યારે આપણે એક મોટું ચક્ર ફરતું જોઈએ છીએ—દેખીતી રીતે આ ચક્ર નિરૂપયોગી જણાય છે, પરંતુ સૌથી વિશેષ ઉપયોગી ચક્ર એજ હોય છે કારણ કે એના-વિના નાનાં ચક્રો અંકુશમાં રહી શકતાં નથી, વિશ્રૃંખલિત થઈ જાય છે. આજ ઉપયોગ ક્ષત્રિયોનો છે. ક્ષત્રિયો દેખીતી રીતે નિરૂપયોગી લાગે છે. કારણ કે એ Leisured class અવકાશ ભોગવનારો વર્ગ છે, પરંતુ પોતાના બાહુબળને લઈને એઓ જ શાંતિ, ન્યાય વગેરેની રક્ષા કરી શકે છે.

પરંતુ આજે હિંદુસ્થાનમાં ખરેખરો ક્ષાત્રિય વર્ગ છે ખરો ? છે, પરંતુ દેખાતો નથી. સુષુપ્તિમાં પડેલો છે. અને તે રાજપુતો છે. ક્ષત્રિય વર્ગમાં રાજપુતો ઉપરાંત મરાઠા, શીખ અને ગુરખાઓનો સમાવેશ પણ કરી શકાય. આ વર્ગ આજે સુષુપ્તિમાં પડેલો છે અને તેની સુષુપ્તિનાં કારણો શું છે તે આપણે સ્હેજ વિસ્તાર પૂર્વક જોઈશું.

આ વર્ગ શાંતિની રક્ષા કરનારો વર્ગ છે અને દુષ્ટોને દંડ આપી સાધુ પુરૂષોનું રક્ષણ કરવું એ તેનું કર્તવ્ય છે. એ સિવાય એનો કોઈ બીજો વ્યવસાય નથી, અને અન્ય કોઈ વ્યવસાયને માટે એ લાયક પણ નથી. જેવી રીતે સોની હજામનું કે હજામ સોનીનું કામ કરી શકતો નથી તે પ્રકારે રાજપુતો બ્રાહ્મણ, વૈશ્ય કે શુદ્રોનાં કામો કરી શકે એમ નથી. અને જો તે કરે તો તે ક્ષત્રિય વર્ગમાંથી ચ્યુત થાય છે. વૈદિક કાળથી ક્ષત્રિયો શાંતિ રક્ષાનું કામ કરતા આવ્યા છે. હિંદુઓનાં મહાકાવ્યો 'રામાયણ' અને 'મહાભારત' તેમનાં પરાક્રમથી ભરેલાં છે. મનુએ ક્ષત્રિયોને કર્તવ્ય માર્ગ દર્શાવ્યો છે અને તે માર્ગનું તેઓ અનુસરણ કરતા આવ્યા છે. સાંપ્રત હિંદુસ્થાનમાં જે ષડ્વર્ણી હિંદુઓ દ્રષ્ટિગોચર થાય છે તે મુગ

એશિયા અથવા એવાજ કોઈ ઉત્તર પ્રદેશમાંથી આવેલા છે. મહાભારત અને રામાયણમાં જે ક્ષત્રિયોનું વર્ણન આવે છે તે પણ આ હિંદુઓનો એક ભાગજ છે. પરંતુ આટલી વાત નિશ્ચિત છે કે તે કાળમાં ઘણા ક્ષત્રિયોનો સંહાર થઈ ગયો હતો. પરશુરામે પોતાના પિતાનું વૈર લેવાને માટે ક્ષત્રિયોનો વંશ કાઢી નાંખવાનું પણ લીધું અને તે તેણે ઘણે અંશે પાળ્યું પણ ખરું. અને જ્યારે રામાવતાર થયો ત્યારે પરશુરામ નિર્બળ થયો. ત્યાર પછી પાણી પતની રણભુમીમાં પાંડવો અને કૌરવો વચ્ચે જે મહાયુદ્ધ થયું તેમાં અસંખ્ય ક્ષત્રિયોનો નાશ થઈ ગયો. આ મહા યુદ્ધ બન્યા પછી હિંદુસ્થાનના અધઃપાતનો આરંભ થયો. કેટલાક એમ માને છે કે આ મહાયુદ્ધમાં ક્ષત્રિયોનું સર્વથા નિકંદન નીકળી ગયું અને દેશમાં મુળનો કોઈ પણ ક્ષત્રિય રહ્યો નહિ અને હાલમાં જે રાજપુતો છે તે સિથિયન લોકોના વંશજો છે, વગેરે પરંતુ આ વાત સર્વથા સત્ય નથી, જો કે એ અંશતઃ સત્ય હોઈ શકે. મુળના ક્ષત્રિયો મહાભારતના યુધ્ધ પછી પણ રહ્યા હતા, કારણ કે પરીક્ષિત રાજા પાંડવ કુળનાજ હતા અને રાજતરંગિણી નામનો ગ્રંથ [illegible] યુદ્ધ પછી થયેલા અનેક ક્ષત્રિય રાજાઓની વંશાવલિ પૂરી [illegible] છે. ક્ષત્રિયોની સંખ્યા ઘટી ગઈ હતી એ વાત નિર્વિવાદ છે. [illegible] યુરોપના લોકો પણ યુધ્ધમાં ખપી ગયેલા વીરોનું સ્થાન કેમ પુરવું તે ચિંતા કરે છે અને યુધ્ધના સમયમાં [illegible] તેજ હોય છે. ફ્રાન્સમાં વસ્તીની [illegible] દિવસાનુદિવસ ઘટતી જતી હોવાથી તે દેશના હિતેચ્છુઓ અતિ ચિંતાતુર રહે છે. અપૂર્ણ.

અમદાવાદ—ખેમાસાને ચકલે ધી 'નટવર' પ્રીન્ટીંગ પ્રેસમાં
ભોગીલાલ નારણદાસ ખેડીવાળાએ છાપ્યું.
પ્રકાશક—રતનસીંહ દીપસીંહ પરમાર ઠે. નવોવાસ—મુ. અમદાવાદ.
કી. રૂા. ૦-૦-૬